# શાળાઓની ગોપનીયતા નીતિ (SCHOOLS' PRIVACY POLICY)

## વારંવાર પુછાતાં પ્રશ્નો – માતાપિતા માટે માહિતી

Schools' Privacy Policy શાળા સમુદાયોને માહિતી આપે છે કે, વિદ્યાર્થીઓ વિશેની માહિતી, અમારા વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા અને ટેકો આપવાના શાળાઓના મુખ્ય કાર્યોને પૂર્ણ કરવા માટે વહેંચી શકાય છે.

Schools' Privacy Policy 'જાણવાની જરૂર' માળખું સ્થાપિત કરે છે, જ્યાં શાળાના કર્મચારીઓ અન્ય કર્મચારીઓ સાથે વિદ્યાર્થીઓ વિશે માહિતીની આપલે કરે છે જેની, તેમને તેમની ભૂમિકાના ભાગરૂપે જાણવાની જરૂરી છે. આ વિક્ટોરિયાના ગોપનીયતા કાયદા (Victorian privacy law) સાથે સુસંગત છે.

### આ નીતિ કોને લાગુ પડે છે?

આ નીતિ આચાર્યો, શિક્ષકો, મુલાકાતી શિક્ષકો, વહીવટી કર્મચારીઓ, સામાજિક કાર્યકરો, સુખાકારી કર્મચારીઓ, યુવા કાર્યકરો, નર્સો, વિદ્યાર્થી સહાયક સેવા અધિકારીઓ (એસએસએસઓ) (Student Support Service officers - SSSOs) અને તમામ સહયોગી આરોગ્ય પ્રદાતાઓ સહિત, તમામ કેન્દ્રીય, પ્રાદેશિક અને શાળાના કર્મચારીઓને લાગુ પડે છે. આનો અર્થ કે, નીચેનું 'જાણવાની જરૂર' માળખું શાળાના તમામ કર્મચારીઓને લાગુ પડે છે, પછી તે કર્મચારી હોય, સેવા પ્રદાતાઓ (કોન્ટ્રાક્ટરો) હોય અથવા શિક્ષણ અને તાલીમ ખાતા (Department of Education and Training)ના એજન્ટો (પછી તે વેતન મેળવાતા હોય કે અવેતન) હોય.

### જાણવાની જરૂર

શાળાના તમામ કર્મચારીઓ અન્ય કર્મચારીઓ સાથે કે જેમણે શાળાને નીચેનું કરવા સક્ષમ બનાવવા માટે તે માહિતી 'જાણવાની જરૂર' છે, તેમની સાથે વિદ્યાર્થી વિશે માહિતીની આપલે કરી શકે છે, અને તેમ કરવું આવશ્યક છે:

- વિદ્યાર્થીને **શિક્ષિત કરવા** (વ્યક્તિગત જરૂરિયાતો માટે આયોજન અથવા શીખવવામાં અવરોધોને દૂર કરવા સહિત)
- વિદ્યાર્થીની સામાજિક અને ભાવનાત્મક સુખાકારી અને સ્વાસ્થ્યને **ટેકો** આપવા
- કાનૂની જવાબદારીઓ પૂર્ણ કરવા, જેમાં નીચેનું સામેલ છે:
    - વિદ્યાર્થી, અન્ય વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અથવા મુલાકાતીઓને **વાજબી રીતે શક્ય જોખમને** ઘટાડવા માટે વાજબી પગલાં લેવા (સંભાળની ફરજ - duty of care)
    - વિદ્યાર્થીની વિકલાંગતા માટે **વાજબી ફેરફારો** કરવા (ભેદભાવ વિરોધી કાયદો - anti-discrimination law)
    - **સલામત અને સુરક્ષિત કાર્યસ્થળ** પ્રદાન કરવા (વ્યવસાયિક આરોગ્ય અને સલામતી કાયદો - occupational health and safety law).

કૃપા કરીને નોંધ લેશો: બાળ અને કુટુંબ હિંસા માહિતી આપલે યોજનાઓ (Child and Family Violence Information Sharing Schemes) સૂચવેલી સંસ્થાઓને બાળકોની સુખાકારી અથવા સલામતીને પ્રોત્સાહન આપવા અથવા પારિવારિક હિંસાના જોખમનું મૂલ્યાંકન અથવા સંચાલન કરવા માટે એકબીજા સાથે ગુપ્ત માહિતીની આપલે કરવાની મંજૂરી આપે છે.

વિક્ટોરિયાની શાળાઓ અને વિક્ટોરિયાની અન્ય શ્રેણીબધ્ધ સેવાઓ આ યોજના હેઠળ આવે છે. વધુ માહિતી માટે, અહિં જોશો:

https://www.vic.gov.au/information-sharing-schemes-and-the-maram-framework.

## કોણ નક્કી કરે છે કે, કોણે 'જાણવાની જરૂર' છે?

આચાર્યની સૂચનાને આધીન, 'જાણવાની જરૂર' માળખાના આધારે, દરેક કર્મચારીગણ નક્કી કરે છે કે, વિદ્યાર્થી વિશે ચોક્કસ, સંબંધિત માહિતી કોણે જાણવાની જરૂર છે.

અન્ય કર્મચારી જેમણે ' જાણવાની જરૂર છે' સાથે સંબંધિત માહિતીની આપલે કરવી, તે નિષ્ક્રિય વાતચીત અથવા ગપસપથી ખૂબ અલગ છે.

શાળાના કર્મચારીઓને વિદ્યાર્થીઓ વિશે મોટી માત્રામાં મહત્વપૂર્ણ માહિતી સોંપવામાં આવે છે. કર્મચારીઓએ આવી તમામ અંગત અને આરોગ્ય વિષયક માહિતી સાથે સંવેદનશીલતા અને આદરપૂર્વક વર્તન કરવું જોઇએ, અને આ 'જાણવાની જરૂર' આધાર સિવાય તેની આપલે ન કરવી જોઇએ.

## વિદ્યાર્થીની આગામી શાળામાં કઇ માહિતી અને નોંધો મોકલી શકાય છે?

જ્યારે કોઇ વિદ્યાર્થીને બીજી શાળા (વિક્ટોરિયાની સરકારી, બિન-સરકારી અને/અથવા આંતરરાજ્ય)માં સ્થાનાંતરિત કરવામાં આવે છે અને ત્યાંથી બદલી થઇ આવે છે, ત્યારે તેમની હાલની શાળા જે તે વિદ્યાર્થી વિશેની માહિતી નવી શાળામાં સ્થાનાંતરિત કરે છે. આ માહિતીમાં વિદ્યાર્થીની શાળાની નોંધોની નકલો સામેલ હોય શકે છે, જેમાં આરોગ્ય સુખાકારી અથવા સલામતી સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે.

વિક્ટોરિયાની સરકારી શાળાઓ વચ્ચે આ માહિતી સ્થાનાંતરિત કરવા માટે માતાપિતાની સંમતિની જરૂર નથી, પરંતુ જ્યારે વિદ્યાર્થી વિક્ટોરિયાની બિન-સરકારી શાળાઓમાં, કેથોલિક શાળાઓ અથવા આંતરરાજ્ય શાળાઓ સહિત, સ્થાનાંતરિત થઇ રહ્યો હોય અથવા ત્યાંથી આવી રહ્યો હોય, ત્યારે તે મેળવવી આવશ્યક છે.

આચાર્યો (અથવા અધિકૃત પ્રતિનિધિઓ) પોતાની જાતને નીચે મુજબના પ્રશ્ન પૂછીને 'જાણવાની જરૂર' માળખાના આધારે આગામી શાળાને કઇ માહિતી પૂરી પાડવી તે નક્કી કરે છે:

*વિદ્યાર્થીને યોગ્ય રીતે શિક્ષિત કરવા અથવા ટેકો આપવા અને શાળાની કાનૂની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે આગામી શાળાએ કઇ માહિતી 'જાણવાની જરૂર' છે?*

# 'જાણવાની જરૂર છે' માળખું

## કાળજીની ફરજ

વિદ્યાર્થીઓની સંભાળ રાખવાની શાળાની ફરજનો અર્થ એ છે કે, આચાર્ય અથવા નેતૃત્વ કરતાં જૂથના અન્ય સભ્યએ વિદ્યાર્થીની વર્તણૂંક, વિકલાંગતા, પારિવારિક સંજોગો અથવા વિદ્યાર્થીને લગતાં અન્ય કોઇ સંબંધિત સંજોગોને કારણે **કોઇને નુકસાન પહોંચવાના કોઇપણ વાજબી શક્ય જોખમ** વિશે જાણવું જરૂરી છે.

ઉદાહરણ તરીકે, કર્મચારીએ શાળાના **આચાર્યને** અથવા નેતૃત્વ કરતાં જૂથના અન્ય સભ્યને, જો કોઇને પણ શક્ય વાજબી જોખમ હોય તો, **જણાવવું** જરૂરી છે, કારણ કે વિદ્યાર્થી:

- હિંસક વર્તણૂકો દર્શાવે છે
- તે ગુંડાગીરી, હુમલો અથવા ઉંમર-અયોગ્ય જાતીય વર્તનનો ભોગ અથવા ગુનેગાર છે
- ભાવનાત્મક, સુખાકારી અથવા સ્વ-હાનિને લગતી તકલીફો છે

ત્યારબાદ આચાર્ય અન્ય કોઇ પણ કર્મચારીગણ, કે જે વિદ્યાર્થી સાથે કામ કરતાં હોવાથી અથવા તેની દેખરેખ રાખતાં હોવાથી તેમણે 'જાણવાની જરૂર' છે, સાથે સંબંધિત માહિતીની આપલે કરશે. કર્મચારીએ તેમની પોતાની સંભાળની ફરજ પૂરતી રીતે પૂર્ણ કરવા, આચાર્યને જરૂરી પૂરતી સંબંધિત માહિતી પૂરી પાડવી આવશ્યક છે – જેથી આચાર્ય તેમની સંભાળની ફરજ પણ પૂર્ણ કરી શકે.

મહત્વની બાબત એ છે કે, જ્યારે નુક્સાનનું જોખમ વાજબી રીતે શક્ય હોય ત્યારે, કર્મચારીએ તે માહિતી

પર કાર્યવાહી કરવી જોઇએ અને વિદ્યાર્થી અથવા માતાપિતાએ માહિતીની આપલે ન કરવા જણાવ્યું હોય તો પણ, માહિતીની અન્ય કર્મચારી કે જેમણે 'જાણવાની જરૂર' છે, સાથે આપલે કરવી જોઇએ.

## ભેદભાવ વિરોધી કાયદો

વિકલાંગ વિદ્યાર્થીઓ માટે **વાજબી ફેરફાર** પ્રદાન કરવાની શાળાની જવાબદારી (ભલે તેઓ વિકલાંગ વિદ્યાર્થીઓ માટેના કાર્યક્રમ (Program for Students with Disabilities) હેઠળ લાયક હોય કે નહિં)નો અર્થ એ છે કે, વિદ્યાર્થીની વિકલાંગતા અને તેમની જરૂરિયાતો વિશે સંબંધિત માહિતી તે વિદ્યાર્થી સાથે કામ કરતાં અથવા દેખરેખ રાખતા તમામ કર્મચારી સાથે આપલે કરવી આવશ્યક છે.

તે શાળાને કયા ફેરફારો વાજબી છે તે વિશે યોગ્ય રીતે માહિતગાર નિર્ણયો લેવા માટે સક્ષમ બનાવવા અને પછી તે ફેરફારનો અમલ કરવા માટે જરૂરી છે.

તે વિદ્યાર્થીની સંભાળની ફરજને પૂરી કરવા માટે પણ આ જરૂરી હોય શકે છે (ઉદાહરણ તરીકે, તબીબી સ્થિતિ ધરાવતો વિદ્યાર્થી જેને સારવારની જરૂર પડી શકે છે).

આનો અર્થ એ છે કે, સંબંધિત માહિતી તે વિદ્યાર્થી સાથે કામ કરતાં અથવા દેખરેખ રાખતા તમામ કર્મચારીઓ સાથે વહેંચવી આવશ્યક છે, જેથી તેઓ નીચેના માટે સક્ષમ હોય:

- વિદ્યાર્થીની વિકલાંગતા અને તે તેમના શિક્ષણ અને સામાજિક અથવા ભાવનાત્મક સુખાકારીને કેવી રીતે અસર કરે છે તે સમજવા
- શાળામાં વાજબી ફેરફારોનો અમલ કરવા, જેમાં વિદ્યાર્થીની સારવાર કરતાં પ્રદાતાઓ દ્વારા કરવામાં આવેલી તમામ ભલામણોને સમજવાનો સમાવેશ થાય છે.

માતાપિતા સાથે સંપર્કમાં આવતી વખતે શાળાના કર્મચારીઓ દ્વારા સુખાકારી અને વર્તણૂંક નીતિઓ જેવી સંબંધિત શાળા નીતિઓનું પાલન કરવામાં આવે છે. સંબંધિત નીતિઓ માટે તમારી શાળાની વેબસાઇટની મુલાકાત લો.

શાળાની નીતિઓ અને અંગત માહિતીના સંચાલન વિશે વધુ માહિતી માટે, શાળાના કર્મચારી સાથે વાત કરો અથવા ડીઇટી ગોપનીયતા અધિકારી (DET Privacy Officer)નો સંપર્ક privacy@education.vic.gov.au.પર કરો.